GJSR010069722026

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૨૧.૦૫.૨૦૨૬ |
| દાખલ તારીખ | : | ૨૧.૦૫.૨૦૨૬ |
| ફેંસલ તારીખ | : | ૦૯.૦૬.૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| | | ૦ ૦ ૧૯ |

આંક–..........

**મહેરબાન સુરતના બીજા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની**

**કોર્ટ સમક્ષ, મુ.સુરત**

**ફોજદારી જા. અરજી નં.૩૭૨૧/૨૦૨૬**

**સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૬**

અરજદાર/આરોપીઃ **નિખીલ લાલબહાદુર નિષાદ.**

ઉં.આ.૨૩ વર્ષ, ધંધોઃ મજુરીકામ,

રહેવાસીઃ પ્લોટ નં.૧૭૧, પ્રિયંકાગ્રીન, આકાશ

પૃથ્વી એપાર્ટમેન્ટ પાસે, વડોદ, પાંડેસરા, સુરત.

હાલ રહે–લાજપોર મધ્યસ્થ જેલ, સુરત.

વિરુદ્ધ

સામાવાળાઃ શ્રી સરકાર.

**વિષયઃ** **બી.એન.એસ.ની કલમ.૪૮૩ મુજબની જામીન અરજી**

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી જે.એચ.પટેલવાલા.
સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી એન.કે.ગોળવાલા.

## ચૂકા દો

(૧) અરજદાર–આરોપીએ સુરત શહેર પાંડેસરા પોલીસ સ્ટેશન પાર્ટ–એ.ગુના રજિ.નં.૧૧૨૧૦૦૪૫૨૫૪૦૮૬/૨૦૨૫ ના કામે બી.એન.એસ.એસ.ની કલમ–૧૦૩(૧), ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૨૩૮(એ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ અન્વયે જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલી છે.

(૨) અરજદાર–આરોપીના વિ.વ.શ્રીએ એવી રજૂઆત કરેલ છે કે, અરજદાર/આરોપીની પોલીસે તા.૦૫–૯–૨૦૨૫ ના રોજ અટક કરી પાંડેસરા પોલીસે રીમાન્ડની માંગણી કરતાં નામ.નીચલી કોર્ટે તા.૯–૯–૨૦૨૫ સુધીના રીમાન્ડ મંજુર કરેલ અને રીમાન્ડ પુરા થયા બાદ નામ.કોર્ટમાં રજૂ કરતાં અરજદાર/આરોપીને જયુડી.કસ્ટડીમાં મોકલી આપેલ છે ત્યારથી જયુડી.કસ્ટડીમાં છે. સદર ગુનાના કામે ચાર્જશીટ થઇ ગયેલ છે જેનો સેશન્સ કેસ નં.૬૯/૨૦૨૬ પડેલ છે. અરજદાર/આરોપીએ સદર કહેવાતા ગુનામાં કોઇ પણ ભાગ ભજવેલ નથી તેમ છતાં પોલીસે અરજદાર/આરોપીને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી

દીધેલ છે. અરજદાર/આરોપીનો મરનાર કે ઈજા પામનાર સાથે અગાઉ કોઈ ઝઘડો કે દુશ્મનાવટ ન હતી, જેથી અરજદાર/આરોપીએ મરનારને મારવામાં કોઈ ભાગ ભજવેલ નથી. અરજદાર/આરોપી કનેથી કોઈ પણ હથિયાર રીકવર કે ડીસ્કવર થયેલ નથી. સદર ગુનાની ચાર્જશીટ જોતાં અરજદાર/આરોપી સામે પ્રાયમાફેસી કેસ નથી કે મરણજનારને માર મારેલ હોય તેવું જણાય આવતું નથી. સદર ગુનાના કામે ત.ક.અમલદારે તપાસ પુર્ણ કરી ચાર્જશીટ રજૂ કરેલ છે તે જોતાં અરજદાર/આરોપીના કપડાં ઉપર મરનારના લોહીના ડાઘા મળી આવેલ નથી. તેથી અરજીની તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીના જામીન મંજૂર કરવા વિનંતી કરેલ છે.

વધુમાં અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ આંક–૩ ના લિસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે જે ધ્યાને લેવા રજૂઆત કરેલ છે.

(૩) હાલની અરજીના અનુસંધાને સામાવાળાને નોટિસ ઈસ્યુ કરતાં ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલ છે. તેમણે રજુઆત કરેલ છે કે, હાલના અરજદાર/આરોપી અને અન્ય આરોપીઓ /કા.સં.કિશોરો સાથે ગેરકાયદેસર મંડળીના સભ્ય બની પ્રાણઘાતક હથિયારો સાથે સજ્જ થઈ પોતાનો સમાન ઈરાદો પાર પાડવાના ઈરાદે તમામ આરોપી/કા.સં.કિશોરનાઓએ મરણજનારને પકડી પાડી નીચે પાડી દીધેલ ત્યારે અરજદાર/આરોપીએ મરણજનારને લાતો વડે માર

મારેલ છે. આ કામે નજરે જોનાર સાહેદો અરજદાર/આરોપીના રહેઠાણના સરનામા નજીકમાં જ રહે છે. જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો તેઓ સદર ગુનાના સાહેદોને ધાક ધમકી અથવા તો પ્રલોભન આપી સાક્ષી પુરાવા સાથે ચેડા કરે તેમજ તેઓના જાનમાલને નુકશાન પહોંચાડે તેવી પુરેપુરી શકયતા છે તેમજ અરજદાર/આરોપી મુળ બિહારના રહેવાસી છે અને તેઓનું અત્રે સુરતમાં કોઇ કાયમી ઠેકાણું નથી. જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો નાસી ભાગી જઇ ટ્રાયલ સમયે હાજર ન રહે તેવી શકયતા પણ નકારી શકાય તેમ નથી. જેથી ન્યાયના હિતમાં તેમજ ગુનાની ગંભીરતાને ધ્યાને લઇ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત નહીં કરવા રજૂઆત કરેલ છે.

(૪) બંને પક્ષોની ઉપરોક્ત રજૂઆતો સાથે રજૂ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. કેસનું રેકર્ડ ધ્યાને લેતાં જણાય છે કે, સદર અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ જણાવેલ છે કે, આરોપીનો રોલ માત્ર ગડદાપાટુનો માર મારવાનો છે. જયારે પી.એમ.નોટ મુજબ મરણજનારનું મૃત્યુ તિક્ષ્ણ હથિયારના ધાથી લોહી વહી જવાથી, શોકના કારણે મૃત્યુ પામેલ છે. જેથી સદર અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા જોઇએ કારણે આરોપીએ કોઇ હથિયારથી મારેલ નથી માત્ર ગડદાપાટુનો માર મારેલ છે. ચાર્જશીટ તથા તેમાં રજૂ પુરાવાઓ

ધ્યાને લેતાં આરોપીની હાજરી સ્પષ્ટ રીતે જણાય આવે છે. ગુના સ્થળે સી.સી.ટી.વી.ફુટેજ કબજે લીધેલ છે. સદર આરોપી ગેરકાયદેસર મંડળીના સભ્ય છે અને મરણજનારને ઈજા પહોંચાડવાના ઈરાદે ગુનાહિત કાવતરૂ રચી હુમલો કરેલ છે. ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. સદર આરોપીને જામીન મુકત કરવામાં આવે તો સમાજ પર વિપરીત અસર થાય તેમ છે. હાલમાં સમાજમાં આ પ્રકારના ગુનાઓ વધી રહેલ છે. મરણજનારને ભેગા મળી આ લોકોએ ઈજા પહોંચાડી મૃત્યુ નિપજાવેલ છે. સદર આરોપીએ પોતાના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટ રજૂ કરેલ છે. જેમાં–

1) Salim @ Sallu Rasid Shaikh Vs. State of Gujarat. (Cri.Misc.App.No.18549/2022)
2) Gopal Bhanubhai varanjagbhai Mer(B) Vs. State of Gujarat.(Cri.Misc.App.No.18363/2024)
3) Mukesh @ Vickey @ Raftar Yurajdhamu Khernar Vs.State of Gujarat. (Cri.Misc.App.No. 13758/2024)

ઉપરોકત હકીકતો અને હાલના કેસની હકીકતો જોતાં સદર રેસ્યો હાલના કેસને લાગુ પડતો ન હોય તે સંજોગોમાં હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા યોગ્ય અને ન્યાયોચિત્ત જણાતું ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે

છે.

**:–– હુકમ :––**

અરજદાર/આરોપી– **નિખીલ લાલબહાદુર નિષાદ,** ઉં.આ.૨૩ વર્ષ, ધંધોઃ મજુરીકામ, રહેવાસીઃ પ્લોટ નં.૧૭૧, પ્રિયંકાગ્રીન, આકાશ પૃથ્વી એપાર્ટમેન્ટ પાસે, વડોદ, પાંડેસરા, સુરતનાઓને સુરત શહેર પાંડેસરા પોલીસ સ્ટેશન પાર્ટ–એ.ગુના રજિ.નં.૧૧૨૧૦૦૪૫૨૫૪ ૦૮૬/૨૦૨૫ ના કામે બી. એન.એસ.એસ.ની કલમ–૧૦૩(૧), ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૨૩૮(એ) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના કામે અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૯ મી, માહે–જૂન, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯.૦૬.૨૦૨૬. (જગદીશકુમાર મુલરાજભાઈ બ્રહ્મભટ્ટ)
સુરત. બીજા અધિક સેશન્સ જજ, સુરત.
KPP Code No. G.J.00622.